**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૯૫ ટકા

# વીઆઈપી સેકટર-૧૯ના બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

## રસોડાની બારીની ગ્રીલ તોડીને અંદર પ્રવેશી ચોર ઈસમો બે એલઈડી ટીવી, સોનાની ચેઈન તેમજ ૧૦ જોડી કપડા મળી કુલ રૂ. ૨.૧૨ લાખની મત્તાની ચોરી કરી ફરાર



ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં ઘરફોડ ચોરીના કિસ્સામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. શહેરમાં ઘરફોડીયાઓની ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ચોર ઈસમો વીઆઈપી સેકટરમાં બિન્દાસ્ત બનીને ચોરી કરી સિફતપૂર્વક પલાયન થઈ જાય છે. તાજેતરમાં સેકટર-૮ માં નિવૃત આઈએએસના બંધ બંગલાને તસ્કરોએ નિશાન બનાવી રૂ.૩૯.૫૦ લાખની ચોરી કરી ચોર ટોળકી છુમંતર થઈ ગઈ છે. ત્યારે આ ચોરીને ગણતરીના દિવસ થયા છે. ત્યારે વીઆઈપી સેકટર-૧૯ માં ૨૮૫-૧ બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો છે. રસોડાની બારીની ગ્રીલ તોડીને અંદર પ્રવેશી ચોર ઈસમોએ બે એલઈડી ટીવી, સોનાની ચેઈન તેમજ ૧૦ જોડી કપડા મળી કુલ રૂ. ૨.૧૨ લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા છે. ત્યારે રાત્રીના સમયે પોલીસ પેટ્રોલીંગમાં વધારો કરવામાં આવે તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે.

ભરતકુમાર વ્યાસે નોંધાવેલ ફરીયાદ મુજબ તેઓ મંગળવારના રોજ સાંજના ૭ વાગ્યાના અરસામાં ઘર બંધ કરીને અમદાવાદ ગયા હતા. બુધવારને સવારે આઠ વાગે



તેમના પર સહકર્મીનો ફોન આવ્યો હતો અને ચોરી અંગે જાણ કરી હતી. જેથી ભરતકુમાર તાત્કાલીક ગાંધીનગર સેકટર-૧૯ ખાતે આવી પહોંચ્યા હતા. તેઓએ ઘરમાં તપાસ કરતા રસોડાની બારીની ગ્રીલ અને જાળી કપાયેલી હાલતમાં હતી. ઘરનો સામાન તેમજ રસોડાનો સામાન વેર-વિખેર હાલતમાં પડ્યો હતો. જયારે ચોર ઈસમોએ ચોરી કરતા સમયે ઘરમાં પીચકારી મારી હોય તેના ડાઘા પણ છે. તો બીજી તરફ ઘરમાં હાથના પંજા જેવા નિશાન પણ જોવા મળ્યા છે. ઘરમાં તપાસ કરતા નીચે રહેલ રૂ.૧૪ હજારનું અને ઉપરના માળે રહેલ રૂ.૫૮ હજારનું એલઈડી ટીવી, જયારે બો દિવસ પહેલા જ સીવડાવીને



લેવાયેલા ૧૦ જોડી કપડા અને રૂ.૧.૨૦ લાખની કિંમતની અઢી તોલાની સોનાની ચેઈન ગાયબ હતી. સમગ્ર બનાવ અંગે ભરતકુમાર વ્યાસે સેકટર-૨૧ પોલીસે મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૨.૧૨ લાખની મત્તાની ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જયારે બારીની ગ્રીલ તોડીનો એક ફુટ જેટલી જગ્યામાંથી અંદર પ્રવેશ કરનાર ચોર શખ્સ નાની વયનો અથવા પાળતો હોય તેવી શક્યતા છે.

# ચિલોડા પ્રમુખ ઈલાઈટ કોમ્પ્લેક્ષમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક ચિલોડા ઈલાઈટ કોમ્પ્લેક્ષના પાર્કીંગમાંથી સાંજના સુમારે બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાતા પોલીસે બાઈક ચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ મોટા ચિલોડા આસ્થા ફલેટ ડી-૧૦૩ ખાતે રહેતા શુભમ પ્રકાશકુમાર શાહ (ઉં.૨૬)ની ઈલાઈટ કોમ્પ્લેક્ષમાં શિવ સેલ્સ નામની મોબાઈલ રીપેરીંગ તેમજ ઈલેકટ્રોનીકસની દુકાન આવેલી છે. જયારે વર્ષ ૨૦૧૧માં બજાજ ડિસ્કવર બાઈક ખરીદી કર્યું હતું અને તેનો ઉપયોગ ફરીયાદી કરતા હતા. જયારે ગત તા.૭ ના રોજ સવારે શુભમ બાઈક લઈને પ્રમુખ ઈલાઈટ કોમ્બપ્લેક્ષમાં દુકાને ગયો હતો ત્યારબાદ ગાંધીનગર ખાતે બેંકના કામકાજ માટે ગયો હતો. ત્યારબાદ દુકાનના પાર્કીંગ ખાતે બાઈક નં. જી.જે.૧૮.એ.ક્યુ-૯૧૦૮ પાર્ક કર્યું હતું. જયારે સાંજના પાંચ વાગે જોયુ તો બાઈક પાર્કીંગમાં ન હતું. ત્યારબાદ આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી પરંતુ આજદિન સુધી મળી આવ્યું નથી. જેથી રૂ.૧૫ હજારની બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ઘરફોડ ચોરીના ઉપદ્રવ વચ્ચે

# સ્ટ્રીટ લાઈટો ડુલ : સેકટરો છેવાડાના ગામ સમાન : મહીલાઓમાં ભય

ગાંધીનગર, તા.૯

શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે ખોદકામ ચાલી રહ્યા છે ઉપરાંત સેકટરોની ફૂટપાથના કામ પણ ચાલે છે જેને કારણે અમુક સેકટરોમાં સ્ટ્રીટ લાઈટ બંધ થઈ ગઈ છે. જેમાં ખાસ સે-૩, ૫, ૬ અને ૮માં સ્ટ્રીટલાઈટ બંધ રહેવાની સમસ્યા ઘણા દિવસોથી છે જેને કારણે સેકટરવાસીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

શહેરમાં પાછલા ઘણા દિવસથી રોડની પાસેના ફૂટપાથ તથા સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટે ખોદકામ ચાલી રહ્યું છે ત્યાંના સ્ટ્રીટલાઈટના વાયરીંગ પર પણ આની અસર થતા સ્ટ્રીટલાઈટ બંધ થઈ ગઈ છે જેમાં નવા સેકટરના રહેવાસીઓને સ્ટ્રીટલાઈટ વગર ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ખાસ કરીને સે-૩, ૫, ૬, અને ૮માં સ્ટ્રીટલાઈટ વારે ઘડીએ બંધ થઈ જાય છે અને સે-૩માં તો ઘણા દિવસથી સ્ટ્રીટ લાઈટ બંધ જ છે. સરકારને વારંવાર રજૂઆત કરી હોવા છતાં આ બાબતે કોઈ પગલા લેવામાં આવ્યા નથી. સ્ટ્રીટ લાઈટ બંધ હોવાને કારણે સેકટરવાસીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ઉપરાંત અંધારામાં રખડતા ઢોર સાથે અથડાવવાનો તથા ગમે ત્યાં ગટરમાં ખોદકામ કરેલા ખાડામાં પડી જવાનો ભય રહે છે. તંત્ર દ્વારા સ્ટ્રીટલાઈટ ચાલુ કરવામાં આવે તથા સેકટરોમાં ગમે ત્યાં ખોદકામ કરેલા ખાડા પૂરવામાં આવે તેવી નવા સેકટરવાસીઓની માંગ છે.

# એમએસએમઈના ગુજરાત એકમના ડીરેક્ટર તરીકે મિનેશભાઈ પટેલની નિયુક્તિ

ગાંધીનગર, તા.૯

કેન્દ્ર સરકારના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉધ્યોગ એટલે કે એમએસએમઈ એ ભારત સરકારનું વાઈબ્રેન્ટ અને ગતિશીલ ક્ષેત્ર છે. જેના ગુજરાત રાજ્યના નોન સરકરી ડીરેકટર તરીકે મિનેશભાઈ પટેલની આગામી ત્રણ વર્ષ માટે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી નીતિન ગડકરી અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયનાં રાજ્ય મંત્રી તથા પશુ સંવર્ધન, ડેરી અને મત્સ્યપાલન મંત્રાલયનાં રાજ્ય મંત્રી પ્રતાપચંદ્ર સારંગી દ્વારા નિયુક્તિ કરવામાં આવી છે. મિનેશભાઈ પટેલ ૧૯૯૨થી ભાજપ સાથે સંકળાયેલ છે અને તેમણે ૨૦૦૫થી પાંચ વર્ષ સુધી ભાજપના અમદાવાદ શહેરના



કારોબારી સભ્ય તરીકે સેવા આપી હતી.

અત્રે નોધનીય છે કે, માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ (એમએસએમઈ) ક્ષેત્ર છેલ્લા પાંચ દાયકામાં ભારતીય અર્થવ્યવસ્થાના અત્યંત વાઈબ્રેન્ટ અને ગતિશીલ ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યું છે. એમએસએમઈ મોટા ઉદ્યોગો કરતા તુલનાત્મક ઓછી મૂડી કિંમતે મોટી રોજગારની તકો પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, પરંતુ ગ્રામીણ અને પછાત વિસ્તારોના ઔદ્યોગિકરણમાં પણ મદદ કરે છે તેમજ ત્યાં પ્રાદેશિક અસંતુલન ઘટાડે છે, રાષ્ટ્રીય આવક અને સંપત્તિના વધુ સુસંગત વિતરણની ખાતરી આપે છે. એમએસએમઈ એ આનુષંગિક એકમો તરીકે મોટા ઉદ્યોગોના પૂરક છે અને આ ક્ષેત્ર દેશના સામાજિક-આર્થિક વિકાસમાં મોટો ફાળો આપે છે.

# સે-૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાં પાણીની પોકાર

ગાંધીનગર, તા.૯

શહેરમાં વર્ષમાં બે કે ત્રણ વાર પાણી ન આવવાની સમસ્યાની ફરિયાદ જુના સેકટરોના રહેવાસીઓ દ્વારા કરવામાં આવતી હોય છે ત્યારે સે-૨૫ સ્થિત સૂર્યનારાયણ સોસાયટીમાં છેલ્લા ઘણા દિવસથી પાણી પુરવઠો ઓછા દબાણથી આવે છે. જેને કારણે વસાહતીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ બાબતની ફરિયાદ સરકાર સમક્ષ કરવામાં આવેલી હોવા છતાં કોઈ પગલા લેવાયા નથી.

નગરમાં વરસાદના પાણી તો ભરાઈ જાય છે પણ નગરજનોને પીવાનું પાણી મળતું નથી તેવી પરિસ્થિતિ સર્જાય છે. સે-૨૫ સ્થિત સૂર્યનારાયણ સોસાયટી ખાતે છેલ્લા ઘણા દિવસથી પાણીનો પુરવઠો ઓછા પ્રમાણમાં આવે છે અને પાછલા બે દિવસથી પાણીનો પુરવઠો ઓછો મળે છે. એક બાજુ શહેરમાં ઠેર ઠેર ખાડા ખોદાઈ રહ્યા છે જેને કારણે પાણીની પાઈપલાઈન ડેમેજ પણ થઈ શકે ઉપરાંત પાણીનું દબાણ પ્રમાણમાં અટકી જાય છે જેવા અનેક કારણોસર સૂર્યનારાયણ સોસાયટી સે-૨૫ના રહેવાસીઓને પાણી ન આવવા તથા પાણીનો ફોર્સ ઓછો આવવાની સમસ્યા થઈ રહી છે. આ બાબતની ફરિયાદ સરકાર સમક્ષ કરી હોવા છતાં હજી સુધી કોઈ પગલા લેવામાં આવ્યા નથી. સોસાયટીના વસાહતી અગ્રણી જયંતિભાઈ એમ. પટેલ આ બાબતે વાત કરતા જણાવે છે કે જો સરકાર દ્વારા સેકટરોમાં રીપેરીંગ કામ ચાલતું હોય તો શકય એટલું ઝડપથી કામ પૂર્ણ થાય અને પાણીનો પુરવઠો પુરતા દબાણથી વસાહતીઓને મળે તે વ્યવસ્થા થાય તેવી સૂર્યનારાયણ સોસાયટીના રહેવાસીઓની માંગ છે.



ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવાની કવાયત ચાલી રહી છે. આ પ્રોજેકટ અંતર્ગત ઘણા બધા વિકાસના કામો થઈ રહ્યા છે. 'ચ' રોડ ઉપર ખાનગી કંપની દ્વારા પાઈપલાઈન નાંખવાનું કામ ચાલી રહ્યું છે.

# વિશ્વ સાક્ષરતા દિવસે સે-૨૪માં ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબના શિક્ષણ કેન્દ્ર અને શિક્ષણ રથનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૯

વિશ્વ સાક્ષરતા દિવસ નિમિત્તે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા શિક્ષણ રથનું પંચદેવ મંદીરના પુરોહિત દ્વારા પૂજન કરી સેકટર-૨૪ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં શિક્ષણ રથનું લોકાર્પણ અને શિક્ષણ કેન્દ્રને ખુલ્લુ મૂકવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે સ્થાનિક કોર્પોરેટર ધીરુભાઈ ડોડીયા ઉપસ્થિત રહ્યા હતા. આ શિક્ષણ કેન્દ્ર અને શિક્ષણ રથ શહેરના સે-૨૪ સહિત વિવિધ સેકટરમાં ઝૂપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારોના બાળકોને તેમના રહેઠાણના વિસ્તારમાં જઈને વિના મૂલ્યે શિક્ષણ આપશે. આ પ્રસંગે સંસ્થાના ચિફ પેટર્ન હિતેશ પંડ્યાનો જન્મ દિવસ હોવાથી માવાની કેક કાપી જન્મ દિવસની ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ રાધેશ્યામ યાદવે દર રવિવારે સવારે ૧૦થી ૧૨ સુધી બાળકોને નિ:શુલ્ક શિક્ષણ આપવાની જાહેરાત કરી હતી અને શિક્ષિકા



વિમલાબેન કે. પટેલ તથા શિક્ષક અશ્વિનભાઈ પ્રજાપતિ દ્વારા બાળકોને વિના મૂલ્યે શિક્ષણ આપવાની જાહેરાત કરી હતી. કાર્યક્રમમાં શિક્ષિકા મનીષાબેન ગોહિલ અને વિમલાબેન કે પટેલ, કથાકાર રામદાસ યોગી અને શિક્ષક અશ્વિનભાઈ પ્રજાપતિનું સન્માન પત્ર આપી ધીરુભાઈ ડોડીયા અને રાધેશ્યામ યાદવ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે પ્રાર્થના બાદ કોર્પોરેટર ધીરુભાઈ ડોડિયા, સંસ્થાના પ્રમુખ રાધેશ્યામ યાદવ, ઉપપ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ, ઉપપ્રમુખ મંગલસિંહ, મનીષાબેન ગોહિલ, વિમલાબેન પટેલ વગેરેએ દીપ પ્રગટાવીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. સંસ્થાના પ્રમુખ રાધેશ્યામ યાદવ દ્વારા તમામનું શાબ્દિક સ્વાગત બાદ તેમણે સંસ્થાની કામગીરી જણાવી હતી. ડૉ. ગુલાબચંદ પટેલ દ્વારા શિક્ષણનો વ્યાપ વધે અને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં બાળકો અને માતાપિતાને વ્યસનથી દૂર રહેવા ગાંધીજીનું ઉદાહરણ આપી સમજાવ્યા હતા. કાર્યક્રમના અંતે આભાર વિધિ એડવોકેટ કાંતિભાઈ પટેલ દ્વારા કરાયા બાદ રાષ્ટ્રગીત સાથે સમાપન કરાયું હતું.

### ચિરવિદાય

- સ્વ. ગણપતભાઈ ચંદુભાઈ સેનમા, ઉ.વ. ૩૫, મુ. વાયણા, તા. કલોલ
- સ્વ. ભગવતીબેન મહેન્દ્રભાઈ પટેલ, ઉ.વ. ૬૨, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. બળદેવભાઈ ગોવિંદભાઈ દંતાણી, ઉ.વ. ૪૫, સે-૨૮, ગાંધીનગર

# વાવોલનો મનપામાં સમાવેશ ગ્રામ પંચાયતના કર્મચારીઓ માટે અપશુકનિયાળ બન્યો...!!

## ગ્રામ પંચાયતના ૧૮ કર્મચારીઓનો ત્રણ માસનો પગાર ચુકવવાનો બાકી હતો તેની સામે કોર્પોરેશને માત્ર ૮ કર્મચારીઓને એક જ માસનો પગાર ચુકવ્યો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહાનગરપાલિકામાં ભેળવાયેલા ૧૮ ગામોમાં વિવિધ પ્રકારની વહીવટી સમસ્યાઓ સર્જાવા પામી છે જેમાં સૌથી મોટો પ્રશ્ન આ ગામોની ગ્રામ પંચાયત કચેરીના કર્મચારીઓની નોકરી અને બાકી વેતનનો છે. ગાંધીનગરના વાવોલ ગામ ખાતે ગ્રામ પંચાયતના કર્મચારીઓને છેલ્લા ત્રણ માસનો પગાર ચુકવવાને બદલે માત્ર એક જ માસનો પગાર તે પણ ૧૮ પૈકી ૮ કર્મચારીઓને જ ચુકવાતા બાકીના કર્મચારીઓની હાલત કફોડી થવા પામી છે.

રાજય સરકાર દ્વારા ગાંધીનગર મહાનગર પાલિકાના વિસ્તારને વધારવાની મોટા ઉપાડે જાહેરાત તો કરી દેવામાં આવી પરંતુ તે જાહેરાતને અંદાજે પોણા બે ત્રણ માસનો સમય વીતવા છતાં હજુ પણ વહીવટી કામગીરીના ઠેકાણાં નથી જેના કારણે કોરોના મહામારી જેવા કપરા સમયમાં ગ્રામ પંચાયતના કર્મચારીઓને કુટુંબનું ભરણપોષણ કરવું મુશ્કેલ થઈ રહ્યું છે. વાવોલ ગ્રામ પંચાયતમાં કુલ ૧૮ કર્મચારીઓ કાર્યરત હતા, જેમાં ૧ વસુલાત કલાર્ક, ૧ રે.સિ. કલાર્ક, ૧ પટાવાળા, ૨ વાયરમેન, ૩ બોર ઓપરેટર, ૨ પ્લમ્બર ઉપરાંત ૮ સફાઈ કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ તમામ કર્મચારીઓનો છેલ્લા ત્રણ માસનો પગાર ચુકવાયો નહોતો જે અંગે વારંવાર રજૂઆતો કર્યા પછી કોર્પોરેશન દ્વારા માત્ર ૮ કર્મચારીઓને પગાર ચુકવવામાં આવ્યો છે. વળી, વાવોલ ગ્રામ પંચાયત દ્વારા મે માસમાં તા. ૨૦મીએ ઠરાવ કરીને તમામ ૧૮ કર્મચારીઓના પગાર વધારાને મંજુરી આપવામાં આવી હતી પરંતુ કર્મચારીઓના કમનસીબે જુન માસથી ગામને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભેળવી દેવાતા તેમનો પગારવધારો તો એક તરફ રહી ગયો અને જે જુનો મળવાપાત્ર પગાર હતો તે પણ હજુ સુધી ચુકવાયો નથી. માત્ર આઠ કર્મચારીઓને ત્રણના બદલે એક જ માસનો તે પણ જુના પગારધોરણ મુજબ પગાર ચુકવાયો છે જયારે તમામ સફાઈ કર્મચારીઓનો પગાર હજુ પણ ચુકવાયો નથી. જેના કારણે કોરોના મહામારીમાં આ કર્મચારીઓને કોરોના કાળમાં પરિવારનું ભરણપોષણ આકરું બની રહ્યું છે.

### આઠે આઠ સફાઈ કર્મચારીઓનો પગાર બાકી

વાવોલ ગ્રામ પંચાયતમાં કુલ ૧૮ કર્મચારીઓ કાર્યરત છે જેમાં ૩ બોર ઓપરેટર, ૨ પ્લમ્બર, ૨ વાયરમેન ઉપરાંત વસુલાત કલાર્ક, રે.સિ.કલાર્ક અને પટાવાળાનો ટેબલ-૧માં સમાવેશ થાય છે જયારે ટેબલ-૨માં ૮ સફાઈ કર્મચારીઓનો સમાવેશ થાય છે અને કોર્પોરેશન દ્વારા જે ૧૦ કર્મચારીઓનો ત્રણે માસનો પગાર ચુકવવાનો બાકી છે તેમાં આ આઠેય સફાઈ કર્મચારીઓનો સમાવેશ થાય છે જેમને ખુદ મેયર રીટાબેન પટેલે તા.૪થી સપ્ટેમ્બર સુધીમાં પુરો પગાર ચુકવાઈ જશે તેવું મૌખિક વચન આપ્યું હતું તેવી માહિતી સરપંચ નગીનભાઈ નાડીયા દ્વારા આપવામાં આવી છે.



### મનપામાં સમાવેશ પછી વહીવટી કાર્યો પણ અધ્ધરતાલ...!!

વાવોલનો મનપામાં સમાવેશ થવાથી નાગરિકોમાં હર્ષની લાગણી ફેલાઈ હતી કે હવે મ્યુનિસિપલ કોર્પોરેશનની સુવિધાઓનો લાભ મળશે પરંતુ ત્રણ માસ થવા આવ્યા છતાં નવી કોઈ સુવિધા તો પ્રાપ્ત થઈ નથી પરંતુ સ્ટ્રીટલાઈટ કે અન્ય કોઈ વહીવટી કામગીરી અંગે લાલિયાવાડી જરૂર શરુ થઈ ગઈ છે. હવે દરેક વહીવટી કાર્ય અંગે મનપાને લિખિત રજૂઆત કરવા જણાવાયું છે પરંતુ રજુઆત કરવા છતાં સમસ્યા ઉકેલાતી નથી તેથી નાગરિકોમાં 'આના કરતાં તો ગ્રામ પંચાયત સારી હતી' તેવી લાગણી પ્રવર્તવા લાગી છે.